અગત્યનું

પ્રવેશ બાબત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૪૩૧-૬૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૩/૦૯/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:-CBSE માંથી ધોરણ-૧૦ માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:- ૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૦૮૩-૨૧૧૬, તા.૧૧/૦૮/૨૦૨૦

૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૨૨૮-૬૨, તા.૨૧/૦૮/૨૦૨૦

૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૧૭૭-૪૨૧૧, તા.૦૨/૦૯/૨૦૨૧

૪) અત્રેની કચેરીની તા.૦૯/૦૯/૨૦૨૧ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(૧) દર્શિત અત્રેના પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જણાવવામાં આવેલ હતું કે CBSE માંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપી શકાશે નહિ. સંદર્ભ-(૨) દર્શિત અત્રેની કચેરીના પત્રથી CBSE માંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં 'B' ગ્રુપમાં પ્રવેશ માટે છૂટ આપવામાં આવેલ હતી.

સંદર્ભ-(૩) દર્શિત અત્રેની કચેરીના પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પુનઃ જણાવવામાં આવેલ હતું કે CBSE માંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યંતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપી શકાશે નહિ.

ઉક્ત બાબત અંગે પુનઃ વિચારણા કરવા માટે વાલીઓ તરફથી મળેલ રજૂઆત અન્વયે અત્રેથી રજૂ કરેલ સંદર્ભ-(૪) દર્શિત તા.૦૯/૦૯/૨૦૨૧ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે નિર્ણય કરવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓએ CBSE બોર્ડમાંથી ધોરણ-૧૦માંથી

Scanned by CamScanner

Mathematics Basic સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં અપવાદરૂપ સંજોગોમાં માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ પૂરતું જ ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં માત્ર 'B' ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે. અત્રેના તા.૦૮/૦૯/૨૦૨૧ના પત્રથી જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓને તા.૨૦/૦૯/૨૦૨૧ સુધી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી શાળામાં પ્રવેશ આપી શકાશે તેમજ ઉક્ત તારીખ સુધીમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

વિશેષમાં જણાવવાનું કે આપના જિલ્લાની જે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા CBSE બોર્ડમાંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં તા.૧૩/૦૯/૨૦૨૧ પહેલાં પ્રવેશ આપવામાં આવેલ હોય તેવી શાળાઓની વિગતો નીચે મુજબના પત્રકમાં અત્રેની કચેરીને તા.૨૧/૦૯/૨૦૨૧ સુધીમાં બિનચૂક મોકલી આપશો. આપના જિલ્લાની વિગતો આપની કક્ષાએથી અત્રે મોકલી આપવાની છે. શાળાઓ દ્વારા સીધે સીધી વિગતો અત્રે મોકલવાની નથી. જેની નોંધ લેશો.

| ક્રમ | શાળાનું નામ | આચાર્યનું નામ અને મોબાઈલ નં. | ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના નામ | પ્રવેશની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | | | | |

ઉક્ત બાબતે આપના જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને યોગ્ય કાર્યવાહી માટે જાણ કરશો.

સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

ક્રમાંક:માવિ૩/પરીપત્ર/૨૦૨૧/12303-12890
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. 17/09/૨૦૨૧

**નકલ રવાના જાણ તથા અમલ સારૂં.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner